# બીજારોપણ પહેલાંની જમીન

## શ્રદ્ધા દ્વારા કરાતી વાવણી અનન્ય હોય છે

દાજી

**પૂજ્ય શ્રી ચારીજી મહારાજની**

99મી જન્મજયંતિ નિમિત્તે,

24મી જુલાઈ, 2026

# બીજારોપણ પહેલાંની જમીન

## શ્રદ્ધા દ્વારા કરાતી વાવણી અનન્ય હોય છે

પ્રિય મિત્રો,

કલ્પના કરો કે બે અભ્યાસીઓ એક જ મેડિટેશન હૉલમાં બેસીને એકસરખી પ્રાણાહુતિ પ્રાપ્ત કરી રહ્યા છે, એક સરખા જ શબ્દો સાંભળી રહ્યા છે અને એક જ સમયે પોતાની આંખો બંધ કરી રહ્યા છે. ધ્યાન પછી, એક અભ્યાસી ઊભો થાય છે, ત્યારે તેની અંદર મૂકપણે તથા અફર રીતે કંઈક બદલાઈ ગયું હોય છે, જાણે કે એક હોકાયંત્રની સોયે પહેલી વાર ઉત્તર દિશા શોધી કાઢી ન હોય! બીજો અભ્યાસી ઊભો થાય છે, તે ઘડિયાળમાં સમય જુએ છે અને વિચારે છે કે અન્ય અભ્યાસીઓ કેવું અનુભવી રહ્યાં હશે. બંનેને એ જ પ્રાણાહુતિ, એ જ શાંતિ અને એ જ શબ્દો મળ્યાં હોવા છતાં બંનેની અનુભૂતિઓમાં તફાવત છે. આ તફાવત કેમ છે? તે પ્રશ્નને મનમાં રાખો, કારણ કે આપણે તે પ્રશ્ન પર પાછા ફરીશું.

એ જ રીતે, કલ્પના કરો કે એક બટાકાને અને એક ઈંડાને, પાણી ભરેલા એક વાસણમાં, એક સાથે ઉકાળવામાં આવે છે. અહીં તે બંનેને એક જ પાણીમાં, એકસમાન ગરમી આપીને, એક સરખા સમય માટે રાંધવા છતાં, બટાકો નરમ થાય છે, જ્યારે ઈંડું સખત બને છે. આપણામાંની દરેક વ્યક્તિએ પોતાની અંદર જે કંઈ પણ રાખ્યું હોય, તે જ નક્કી કરે છે કે આપણને થતી અનુભૂતિ આપણને ખોલે છે

કે પછી આપણને વધુ સંકુચિત બનાવે છે. હવે, આ પ્રતિભા કે યોગ્યતાનો સવાલ નથી, પરંતુ માત્ર બીજારોપણ પહેલાંની જમીનનો સવાલ છે.

## એ શબ્દ, કે જેનો કોઈ અનુવાદ નથી

આ અગાઉની સંદેશાઓની શ્રેણીમાં, આપણે એક અભ્યાસી અને તેના ભાવિ જીવન વચ્ચે અંતરાય રૂપ એવાં સાત આંતરિક અવરોધોને ક્રમાનુસાર જોયાં. આપણે જોયું કે ઇચ્છા કેવી રીતે વિભાજીત કરે છે, જડતા કેવી રીતે ગૂંગળાવી નાખે છે, શંકા કેવી રીતે કોરી ખાય છે, અભિમાન કેવી રીતે સીમિત કરી રાખે છે, ઈર્ષ્યા કેવી રીતે અપંગ બનાવી રાખે છે, પૂર્વગ્રહ કેવી રીતે બારીઓને બંધ કરી દે છે અને ભય, જે આ બધા અવરોધોની જનની છે, તે કેવી રીતે દરવાજાને અંદરથી બંધ કરી દે છે. ‘વણજીવ્યું જીવન’ સંદેશમાં, આપણે જોયું કે ‘શ્રદ્ધા’ તે દરવાજાને ખોલવાની ચાવી છે અને દરવાજો ખૂલતાં જ બીજી બાજુ આપણને જે પહેલી બાબત દેખાય છે, તે અંતિમ મુકામ નથી, પરંતુ તે જમીનની ગુણવત્તા અંગે છે. આપણાં પૌરાણિક કાળના લોકો તેને ‘શ્રદ્ધા’ કહેતાં હતાં.

શ્રદ્ધાને અંગ્રેજીમાં ‘ફેઇથ’ (faith) કહે છે, પરંતુ આ શ્રદ્ધાનો સાચો અનુવાદ નથી. સામાન્ય રીતે ‘ફેઇથ’, એટલે એવી માન્યતા, કે જેને તમે સાબિત કરી ના શકો. પરંતુ ખરેખર તો ‘શ્રદ્ધા’ એ ઘણી વધારે જીવંત બાબત છે. શ્રદ્ધા એટલે ભરોસો, આત્મવિશ્વાસ, પ્રામાણિકતા, નિશ્ચય, વફાદારી અને આંતરિક પ્રતીતિ – જે બધું એક જ જ્યોતમાં ભળી ગયેલું હોય છે.

શ્રદ્ધા માત્ર કોઈ વિચાર કે પ્રસ્તાવ સાથે મનની સહમતી નથી, પરંતુ બુદ્ધિ દ્વારા પુરાવાઓની ચકાસણી પૂરી થાય, તે પહેલાં જ, સમગ્ર અસ્તિત્વનું હૃદયના સત્ય તરફ અભિમુખ થવું છે.

વિદ્વાનોના કહેવા મુજબ શ્રદ્ધા એટલે શાસ્ત્રો પર અને ગુરુ પર રાખવામાં આવતો વિશ્વાસ, કે જેના દ્વારા જે શક્ય હોય, તે બધું પ્રાપ્ત કરી શકાય છે. હવે, આ ‘વિશ્વાસ

રાખવો,' એ શબ્દમાં એક સૂક્ષ્મતા છુપાયેલી છે: તે કોઈ વિચારનો નિષ્ક્રિય સ્વીકાર નથી, પરંતુ દરેક ક્ષમતાની એક એવાં સત્ય તરફની સક્રિય દોરવણી છે, કે જે ફક્ત કહેવામાં જ આવ્યું હોય તેવું નથી, પરંતુ તેની અનુભૂતિનો સ્વાદ પણ ચાખવામાં આવ્યો હોય છે.

આંતરિક અનુભૂતિઓની સચોટ રૂપરેખાઓ આપનાર ઋષિ પતંજલિએ સર્વોચ્ચ સાક્ષાત્કાર તરફ દોરી જતાં પાંચ ક્રમિક ગુણો પૈકી શ્રદ્ધાને પ્રથમ સ્થાન આપ્યું છે, તે પાંચ ગુણો છે – શ્રદ્ધા, ઊર્જા, સ્મરણ, સમાધિ (તલ્લીનતા) અને શાણપણ (પ્રજ્ઞા). આ ક્રમ પર ધ્યાન આપો: શ્રદ્ધા પ્રયત્નશીલતા માટે ઊર્જા (ઇચ્છાશક્તિ) પૂરી પાડે છે; ઊર્જા સ્મરણને ટકાવી રાખે છે; સ્મરણ પરિપક્વ થઈ તલ્લીનતામાં પરિવર્તિત થાય છે અને તલ્લીનતા શાણપણમાં ખીલી ઊઠે છે. આ સમગ્ર સાંકળ પ્રથમ કડી પર આધાર રાખે છે. શ્રદ્ધા દૂર થતાં જ બાકીનાં બધાં જ પ્રથમ માળ વગરના બહુમાળી મકાનની જેમ તૂટી પડે છે.

## જેની તમે અપેક્ષા ન રાખી હોય, તેવો આત્મવિશ્વાસ

આપણે મોટેભાગે સમજીએ છીએ કે શ્રદ્ધા એટલે ઈશ્વર, ગુરુ અને આપણી સાધના પરનો વિશ્વાસ. શ્રદ્ધામાં આ બધું સામેલ પણ છે જ. પરંતુ તમને એ જાણીને આશ્ચર્ય થશે કે શ્રદ્ધાનો આરંભ ઘરઆંગણેથી – આપણી જાતથી જ થાય છે. જ્યારે આપણામાં આત્મવિશ્વાસ નથી હોતો, ત્યારે આપણામાં શ્રદ્ધા નથી હોતી. જો

શ્રદ્ધાને અંગ્રેજીમાં 'ફેઇથ' (faith) કહે છે, પરંતુ આ શ્રદ્ધાનો સાચો અનુવાદ નથી. સામાન્ય રીતે 'ફેઇથ', એટલે એવી માન્યતા, કે જેને તમે સાબિત કરી ના શકો. પરંતુ ખરેખર તો 'શ્રદ્ધા' એ ઘણી વધારે જીવંત બાબત છે. શ્રદ્ધા એટલે ભરોસો, આત્મવિશ્વાસ, પ્રામાણિકતા, નિશ્ચય, વફાદારી અને આંતરિક પ્રતીતિ – જે બધું એક જ જ્યોતમાં ભળી ગયેલું હોય છે.

આપણે આ માર્ગને અનુસરવાની આપણી ક્ષમતા પર વિશ્વાસ કરતાં ન હોઈએ, તો માર્ગ ગમે તેટલો તેજસ્વી હોય, તો પણ તેનાથી કંઈ ફરક પડતો નથી. જો આપણે એવું માનીએ કે આપણે પસંદ કરેલો માર્ગ આપણાં પોતાનાં માટે યોગ્ય માર્ગ નથી, તો પ્રાપ્ત થતી કૃપાનું પ્રમાણ ગમે તેટલું મોટું હોય, તો પણ તે વિશ્વાસજનક નહીં લાગે. વારંવાર ફરીને ફરી શંકા થયા કરશે – એ કારણે નહીં કે અનુભૂતિ અધૂરી હોય છે, પરંતુ એ કારણે કે આપણને પોતાની પ્રાપ્તિ પર વિશ્વાસ નથી હોતો.

આના ભાવાર્થ પર વિચાર કરો. શું તમને યાદ છે, 'સુદ્રઢ પાયાનું નિર્માણ' સંદેશમાં, એક અભ્યાસી મહિલા અગિયાર વર્ષ સુધી ધ્યાન કર્યા પછી પણ એમ પૂછતાં હતાં, 'શું આ ખરેખર સાચું છે?' તેમનો અભ્યાસ દોષરહિત હતો અને તેમનામાં આવેલો બદલાવ પણ તેમની આસપાસના દરેકને દેખાતો હતો, છતાં તેઓ પોતાના પર વિશ્વાસ કરી શકતાં ન હતાં. એવું કેમ? અહીં તેમને ક્યારેય અભ્યાસ વિષે શંકા નહોતી, પરંતુ તેમને શંકા પોતાના પર જ હતી. તેમને રૂપાંતરિત થવાની પોતાની ક્ષમતા પર જ વિશ્વાસ નહોતો. તેઓ પ્રત્યેક અનુભૂતિ પછી પાણીમાં ઉકળી રહેલાં ઈંડાની જેમ સખત બની રહ્યા હતાં, કે જે અનુભૂતિઓનો આશય ખરેખર તો તેમને નરમ બનાવવાનો હતો. આ પ્રશ્ન ઉદ્ભવે, તે પહેલા જ શ્રદ્ધાએ તેનો ઉકેલ લાવી દીધો હોત, શંકા સાથે વાદ-વિવાદમાં ઉતરીને નહીં, પરંતુ એક એવો મજબૂત આધાર પૂરો પાડીને કે જેમાં શંકા પ્રવેશી શકે, તેવી કોઈ તિરાડ જ ન હોય.

આપણે બધાએ શ્રદ્ધાનાં આ વ્યાપને વિશેષરૂપે સમજવાની જરૂર છે – મૂળભૂત રીતે આધ્યાત્મિકતા માટે આપણાં પોતાનામાં શ્રદ્ધા હોવી, તે દિવ્ય ઇચ્છાને સમર્પિત થવા જેટલું જ જરૂરી છે. આ બંને વિરોધાભાસી પરિબળો નથી, પરંતુ તે બંને અલગ અલગ ખૂણેથી જોવાઈ રહેલી એક જ ગતિ છે. જ્યારે તમને તમારી જાત પર એટલો વિશ્વાસ હોય, કે તમે જતું કરી શકો છો, ત્યારે તે શરણાગતિ હોય છે. જ્યારે તમને દિવ્યતા પર એટલો વિશ્વાસ હોય, કે તમે તેના પર ધ્યાન કરવા માટે લાયક છો, ત્યારે તે આત્મવિશ્વાસ છે. શ્રદ્ધામાં એ બંનેનો સંયુક્તપણે સમાવેશ હોય છે.

# જમીનમાં શું ઉગે છે?

બીજની પોતાની એ પસંદગી નથી હોતી, કે તેણે કઈ જમીન પર પડવું, પણ સાધક પસંદગી કરી શકે છે. તે જે જમીનની પસંદગી કરે, તે જમીન જ આગામી પરિણામ નક્કી કરે છે. જ્યાં સાચો આત્મવિશ્વાસ ન હોય, ત્યાં સાચો પ્રેમ પણ નથી હોતો અને સાચું સમર્પણ પણ નથી હોતું; જ્યાં સાચો આત્મવિશ્વાસ હોય છે, ત્યાં આત્માનું જીવંત સ્થાપત્ય પ્રગટ થાય છે –

શ્રદ્ધા એ આધારભૂત જમીન છે, જેના પર પ્રેમ ઉગે છે.
ભક્તિ, એ પ્રેમ છે, જેને તેની દિશા મળી ગઈ છે.
શરણાગતિ એ ભક્તિ છે, જેણે પરિણામ પર આધાર રાખવાનું છોડી દીધું છે.
જ્યારે શરણાગતિ પણ સમર્પિત થઈ જાય, ત્યારે જે બાકી રહે, તે લયાવસ્થા છે.

ચાલો આ ક્રમને ફરી ધીરે ધીરે સમજીએ –

શ્રદ્ધા પ્રેમ તરફ દોરી જાય છે.
પ્રેમ ભક્તિ તરફ દોરી જાય છે.
ભક્તિ શરણાગતિ તરફ દોરી જાય છે.
શરણાગતિ લયવસ્થા તરફ દોરી જાય છે.

શ્રદ્ધા એ આધારભૂત જમીન છે, જેના પર પ્રેમ ઉગે છે.
ભક્તિ, એ પ્રેમ છે, જેને તેની દિશા મળી ગઈ છે.
શરણાગતિ એ ભક્તિ છે, જેણે પરિણામ પર આધાર રાખવાનું છોડી દીધું છે.
જ્યારે શરણાગતિ પણ સમર્પિત થઈ જાય, ત્યારે જે બાકી રહે, તે લયાવસ્થા છે.

જે રીતે એક કળી ફૂલ બને છે અને એક ફૂલ ફળ બને છે, તે રીતે આ અવસ્થાઓ સ્વાભાવિક રીતે જ એકમાંથી, બીજામાં વિકાસ પામે છે. એક કળીનું ફળમાં રૂપાંતરણ કરવા માટે તમે દબાણ કરી શકતા નથી, પરંતુ તમે જમીનને તૈયાર કરી શકો છો અને તે પછી સૂર્યને તેનું કાર્ય કરવા દો છો.

હવે, આ (ઉપરોક્ત) નવી શ્રેણીમાં આપણને સમગ્રપણે જે સત્ય દેખાઈ રહ્યું છે, તે આ છે: જ્યારે લયાવસ્થા આવે છે, ત્યારે સાચી યાત્રા શરૂ થાય છે. કૃપા કરીને તે વિધાન પર થોડા સમય માટે શાંત ચિત્તે મનન કરો. લગભગ બધી જ આધ્યાત્મિક પરંપરાઓ અને ઉપદેશો એકત્વને (લયાવસ્થાને) અંતિમ મુકામ (ગંતવ્ય) તરીકે દર્શાવે છે. પરંતુ ત્યાં પહોંચી ચૂકેલા રહસ્યવાદીઓ તે અંગે કંઈક વધુ જણાવે છે – આ લક્ષ્ય, એ અંતિમ મુકામ નથી, તે એક દ્વાર છે. તમે જે પ્રકારના જીવનની શોધમાં હતા, તે તો ફક્ત બીજી બાજુ રાહ જોઈ રહેલાં જીવનની તૈયારી માત્ર છે તથા તે તૈયારી જમીનની ગુણવત્તાથી શરૂ થાય છે.

## (શ્રદ્ધા) અધકચરી પણ નહીં, અને અંધ પણ નહીં

ભલે તમને આ સૂચન હળવું હોવાનું લાગે, પણ તેની પાછળ પ્રશાંત પ્રભાવી ઘોષણા છે કે – શ્રદ્ધા કદી અધકચરી ન હોવી જોઈએ. જો તમને શ્રદ્ધા અધકચરી હોવાનું લાગે, તો તમારા ઉદ્દેશ્યોની ફરી ચકાસણી કરો અને તેના પર ફરીથી કાર્ય કરો. શ્રદ્ધા ઉત્સાહથી ભરપૂર અને દૃઢનિશ્ચયી હોય, તો તે શાંત છતાં તીવ્રપણે પ્રજ્વલિત જ્યોતવાળા એક એવા દીવા જેવી છે, જેને કોઈ પવન ઓલવી શકતો નથી, તે એટલા માટે નહીં કે તેની જ્યોત ઉગ્ર છે, પરંતુ એટલા માટે કે તેલ ઊંડે સુધી ભરેલું છે.

શ્રદ્ધા અંધ પણ નથી હોતી. તે એક અનુભૂતિમાંથી જન્મ લે છે, જે તમારા આંતરિક પરિવેશને બદલી નાખે છે. આ જ બાબત શ્રદ્ધાને એક સામાન્ય એવી માન્યતાથી અલગ તારવે છે, કે જે તમને કૌટુંબિક વારસામાં મળી હોય અને તેના વિષે કોઈ ઝીણવટથી વિચારતું પણ નથી. તમારી એ માન્યતા એવા કારણે હોઈ શકે છે કે

તમારા માતા-પિતા તેમાં વિશ્વાસ ધરાવે છે અથવા તમારો સમુદાય તેમાં વિશ્વાસ ધરાવે છે તથા તે માન્યતા પર પ્રશ્ન કરવા કરતાં વિશ્વાસ કરવો સહેલો હોય છે; પરંતુ શ્રદ્ધા તે રીતે કામ કરતી નથી, તે સીધી કાર્ય કરે છે. જ્યારે તમે ધ્યાનમાં બેસો છો ત્યારે નિઃશંકપણે એવી કોઈ હાજરીનો અનુભવ કરો છો કે જેને ન તો વિચારો સર્જી શકે છે, કે ન તો સ્મૃતિ સર્જી શકે છે, ત્યારે તમે શ્રદ્ધાનું ઘડતર કરવાનું શરૂ કર્યું હોય છે. તમારું પોતાનું હૃદય જ તેનો પુરાવો બની ગયું હોય છે.

આ જ કારણ છે કે હાર્ટફુલનેસમાં ધ્યાન, એ ફક્ત એક ટેકનિક નથી; પરંતુ તે એક પ્રયોગશાળા છે, જ્યાં શ્રદ્ધાનું ઘડતર થાય છે. પ્રત્યેક ધ્યાન, કે જે એક સત્યને જોવા માટે બારી ખોલે છે, તે તમારા પગ નીચેની આધારભૂત જમીન પર એક સ્તર ઉમેરે છે અને સમય જતાં પગ નીચેની જમીન એટલી મજબૂત બને છે કે જ્યારે શંકા હંમેશની જેમ આવીને દ્વાર ખટખટાવે, ત્યારે તમારું ઘર હચમચી નથી જતું. એવું પણ નથી હોતું કે તમે દરેક પ્રશ્નનો જવાબ આપ્યો હોય, પરંતુ તમે એવી જમીન પર ઊભા હો છો, કે જ્યાં પ્રશ્નો પહોંચી શકતા નથી.

## એ જીવન, જેણે તે સાબિત કર્યું હતું

આજે, જ્યારે આપણે ચારીજી મહારાજના જન્મના નવ્વાણુંમાં વર્ષની ઉજવણી કરીએ છીએ, ત્યારે આ સંદેશમાં વર્ણવેલી પ્રત્યેક બાબત પર ચિંતન કરવા માટે થોભવું યોગ્ય છે. તેઓ વૈજ્ઞાનિક તાલીમ પામેલા અને ઔધોગિક ક્ષેત્રના પ્રખર અનુભવી હતા અને તેમનું મન દરેક બાબતની ચકાસણી કરવા માટે ઘડાયેલું હતું, તેઓ પોતાનાં ગુરુને મળ્યા અને તેમના પ્રત્યે એક એવી શ્રદ્ધા સમર્પિત કરી, જે ક્યારેય અંધશ્રદ્ધા નહોતી કારણ કે તેમણે દરરોજ પોતાના હૃદયની પ્રયોગશાળામાં તેનું પરીક્ષણ કર્યું હતું. તેમની શ્રદ્ધા ક્યારેય અધકચરી નહોતી, કારણ કે તે તેમના સમગ્ર જીવન પર વ્યાપી ગઈ હતી, તેમનું હૃદય એક તૈયાર ક્ષેત્ર હતું. જ્યારે પ્રાણાહુતિ તેમના પર પડી, ત્યારે સમગ્ર વિશ્વના સાધકોએ લણણી કરી અને તે ક્ષેત્ર હજુ પણ આપણને આધ્યાત્મિક ખોરાક પૂરો પાડે છે. તેમણે આપણને તેમની

શ્રદ્ધાની પ્રશંસા કરવા જણાવ્યું નહોતું, પરંતુ તેમણે આપણને આપણી પોતાની શ્રદ્ધા ઉત્પન્ન કરવા જણાવ્યું હતું. આપણે આપણાં હૃદયને તૈયાર કરી તેમને શ્રેષ્ઠ શ્રદ્ધાંજલિ આપી શકીએ છીએ.

## મેડિટેશન હૉલમાંના બે અભ્યાસીઓ

ચાલો આપણે, મેડિટેશન હૉલમાં ધ્યાન કરી રહેલા તે બંને અભ્યાસીઓ તરફ પાછા ફરીએ અને આપણે જે પ્રશ્નથી શરૂઆત કરી હતી તેનો જવાબ આપીએ. શું અલગ હતું? જમીન. એક હૃદય તૈયાર હતું – આદર્શ રીતે કે સંપૂર્ણપણે નહીં, પરંતુ તેમાં એક ઇચ્છાશક્તિ હતી તથા શાંત પ્રતીતિ હતી કે કંઈક સાચું હોય, તે આકાર લઈ શકે છે, તથા પ્રાપ્ત કરવાની પોતાની ક્ષમતા પર તેને વિશ્વાસ હતો. તે ઇચ્છાશક્તિ તેમનું કોઈ કૌશલ્ય નહોતું કે તેમનું નસીબ નહોતું, તે શ્રદ્ધા હતી. ઉકળતા પાણીમાં રહેલાં બટાકાની જેમ, તે હૃદય પ્રાણાહુતિની ઉષ્મા હેઠળ નરમ પડી ગયું હતું તથા તેને જે અપાય, તેના સ્વીકાર માટે વધારે ખૂલી ગયું હતું અને આ ગુણ એવી કોઈપણ વ્યક્તિ કેળવી શકે છે, જે તેને કેળવવાનું પસંદ કરે.

બીજા અભ્યાસીનું હૃદય પણ ઉજ્જડ નહોતું. ચાલો આપણે એ સ્પષ્ટતા પણ કરી લઈએ કે કોઈ પણ હૃદય ક્યારેય ઉજ્જડ નથી હોતું. હૃદય ફક્ત તૈયારી વિનાનું, કદાચ વિચલિત, સાવચેત અથવા જૂની નિરાશાના અવશેષોનું વહન કરનાર હતું, જે ધીમેથી કાનમાં કહેતું હતું, ‘વધુ આશા રાખશો નહીં.’ શું તે ધીમો અવાજ પરિચિત છે? આ એ જ ભયનો છેલ્લો પડઘો છે, જેને આપણે અગાઉના આઠ સંદેશાઓના નિષ્કર્ષ રૂપે તારવ્યો હતો અને તેનું મારણ પણ અગાઉની જેમ જ છે – કોઈ ભવ્ય સંકેત નહીં, પણ એક નાનું એવું બદલી ન શકાય તેવું પગલું. આમ, આવતી કાલે ફરીથી માત્ર થોડાક જ વધુ ખુલ્લા હૃદયે ધ્યાન કરો. હૃદયનો બચાવ કરવાનું ઓછું કરો. તમારો એ નાનો-સરખો પ્રયત્ન પણ પૂરતો હશે. શ્રદ્ધા કઈ સાંગોપાંગ સંપૂર્ણપણે આવી નથી જતી; તે જમીનની ફળદ્રુપતાની જેમ ધીમે ધીમે પ્રત્યેક ઋતુ દરમિયાન, પ્રત્યેક ધ્યાન દરમિયાન અને શાંતિપૂર્ણ વિશ્વાસના પ્રત્યેક કાર્ય દરમિયાન વિકસતી જાય છે.

આપણે બધાં નાના બાળકો જેવા છીએ, આપણને ખાતરીની જરૂર હોય છે અને આપણે બધાં પરાપૂર્વથી ચાલતા આવતા તથા ઊંડા મૂળિયાં ધરાવતાં ભયને આપણી સાથે રાખીને જીવીએ છીએ. શ્રદ્ધા,એ આત્માએ પોતાને આપેલી ખાતરી છે. આ તે ક્ષણ છે, કે જ્યારે બાળક પરવાનગી માટે અન્ય તરફ જોવાનું બંધ કરે છે અને તેને સમજાય છે કે તેના પોતાના પગ તળેની જમીન હંમેશાંથી મજબૂત અને અડગ જ હતી, બસ તેના પર ભરોસો મૂકવાની જ જરૂર હતી.

જમીન તૈયાર કરો અને તમને સમજાશે કે બીજ પહેલાંથી જ જાણે છે કે તે શું બનવા માંગે છે.

પ્રેમ અને પ્રાર્થના સાથે,<br>
**કમલેશ**

પૂજ્ય શ્રી ચારીજી મહારાજની 99મી જન્મજયંતિ નિમિત્તે<br>
24મી જુલાઈ, 2026

# *There's More Waiting For You*

to go a little deeper

## HEARTFULNESS APP

A Quiet Place to Start

Carry your practice with you — download the free app and connect with a personal trainer anytime.

Free Download. Daily practice. Trainer always Available.

Heartfulnessapp.org

## MASTERCLASSES

Go Deeper at Home

Learn with Daaji relaxation, meditation, cleaning, and prayer through three freely offered video sessions.

Free Videos. Learn from Daaji. 3 Classes.

Heartfulness.org/global/masterclass

## RETREAT

Time for Just You

Step away from the noise and into a peaceful weekend that quietly deepens everything.

Peaceful Setting. Deepen Practice. Weekend Stays.

Heartfulness.org/global/retreat

## HEARTSPOTS

Find a Centre Near You

Your nearest meditation centre is closer than you think at no cost.

6000+ Centres. Heartful Community. Free to Visit.

Heartspots.heartfulness.org

Scan to download the free app, always there when you need it.
Start with a guided session, and let the practice find its own rhythm in you.
The journey inward begins with a single, still moment.

heartfulness
purity weaves destiny